
દાદા ભગવાન પરિવારનું

સપ્ટેમ્બર ૨૦૨૨

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# બુદ્ધિ મીટર

# સંપાદકીય

બાળમિત્રો,

'આટલું મારું ને આટલું તારું.'

'તારે મારી વસ્તુઓ નહીં અડવાની ને હું તારી નહીં અડું.'

'તેં મને લાસ્ટ ટાઈમ હેલ્પ નહોતી કરી, તો હું તને શું કામ કરું ?'

આવું આપણનેય ઘણીવાર થયું હશે, ખરુંને ? જાણો છો આ 'મારા-તારી' કોણ કરાવે છે ? ટૂંકી બુદ્ધિ ! ટૂંકી બુદ્ધિનું અપોઝિટ શું હોય ? વિશાળ બુદ્ધિ ! જેની પાસે વિશાળ બુદ્ધિ હોય, એને 'મારા-તારી' ન થાય. એના માટે તો બધું 'આપણું' જ હોય.

તો ચાલો, આ અંકમાં 'ટૂંકી બુદ્ધિ' અને 'વિશાળ બુદ્ધિ'ના ફંક્શન સમજીએ. અને આપણે પણ આપણી બુદ્ધિને વિશાળ બનાવીએ.

- ડિમ્પલ મહેતા

## બુદ્ધિ મીટર

## અક્રમ એક્સપ્રેસ


વર્ષ : ૧૫, અંક : ૧

સળંગ અંક : ૧૬૯

સપ્ટેમ્બર ૨૦૨૨

.....................................

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



© 2022, Dada Bhagwan Foundation
All Rights Reserved

# જ્ઞાનીઓ કહે છે...




## ટૂંકી બુદ્ધિ અને વિશાળ બુદ્ધિ એટલે શું ?

| ટૂંકી બુદ્ધિ | વિશાળ બુદ્ધિ |
|---|---|
| કમ્પેરિઝન કરે, જો આની પાસે આ વસ્તુ છે. મને મળી જાય તો સારું. | તને આનંદ થાય છે ને, તો તું આ વસ્તુ તારી પાસે રાખ. તું વાપર. |
| બીજાનું પડાવી લે. | સામાના સુખ માટે પોતાનું સુખ છોડી દે. |
| તું દુઃખી થાય, જીવે-મરે એની સાથે મારે કંઈ લેવા-દેવા નથી. મને મારી મજા કરી લેવી છે. | કોઈને દુઃખ, અડચણ ના પડવા દે. હું દુઃખ ભોગવી લઈશ પણ તને તકલીફ નહીં પડવા દઉં. |
| કોઈનું સુખ પડાવી લે. એને દુઃખ પડે તો વાંધો નહીં, પણ મને સુખ મળી જાય. | પોતાનું બીજાના માટે જતું કરે. અથવા વહેતું મૂકે. |
| ગયા વખતે મને હેલ્પ નહોતી કરી. આ વખતે જવું જ નથી એને ત્યાં. | દસ વખત પોતે હેલ્પ કરી આવે. પોતાને જરૂર પડે ત્યારે સામો હેલ્પ ના કરે તેમ છતાંય ફરી સામાને જરૂર પડે ત્યારે હેલ્પ કરવા જાય. |

# દાદાના હૃદયની વિશાળતા

દાદાએ આખી જિંદગી પોતાનું સુખ લોકોને આપી દીધેલું. દાદા કહેતા, "મને સુખ ના મળે તેનો વાંધો નહીં, તમને બધાને થવું જોઈએ. મારા સુખ ભણી તો મેં જોયું જ નથી, મારી આખી જિંદગીમાં જોયું નથી. અને મને દુઃખ પડ્યું નથી. કારણ કે પારકા હારુ(માટે) જીવનારને દુઃખ હોય કશું !?"

એક માણસે દાદા સાથે આઠ-દસ વખત અવળું કર્યું. છતાં વખત આવ્યો ત્યારે દાદાએ એમને હેલ્પ જ કરી. ત્યારે દાદાના મિત્રોએ એમને પૂછ્યું, 'આવું તે હોતું હશે ? આ માણસ નુકસાન કરી ગયો તેને તમે ઉપરથી હેલ્પ કરો છો ?' ત્યારે દાદાએ કહ્યું, "નુકસાન કરે તેને જ હેલ્પ કરવાની હોય, બીજા કોને હેલ્પ કરવાની હોય ? જે નુકસાન કરે છે, એ માણસ બહુ દુઃખી હોય છે. એને હેલ્પ જ કરવાની હોય."



# છેલ્લો ખાટલો ને છેલ્લો પાટલો

એક વખત, કામકાજ માટે દાદા એમના ત્રણ ભાગીદારો સાથે બહારગામ રહેવા ગયા હતા. ભાગીદારો જમ્યા પછી દોડધામ કરી મૂકે. જાણો છો કેમ ? ખાટલો રોકવા માટે. જે સહુથી પહેલા રૂમમાં જાય, એ ટાઈટ ખાટલો લઈ લે. દાદાના ભાગે સહુથી ખરાબ ખાટલો આવે. દાદા એમાં આરામથી સૂઈ જાય, પણ ક્યારેય આમ ખાટલા માટે દોડે નહીં.

ભાગીદારો નહાવા-ધોવામાંય દોડધામ કરે ! દાદાના ભાગમાં છેલ્લું નહાવાનું આવે. ખુરશીઓમાંય જે ખુરશી ખરાબ હોય તે દાદાના ભાગે આવે ! જમતી વખતે પાટલો જરા ભાંગેલો હોય તે દાદાના ભાગે આવે ! પણ, દાદા કશામાંય ઉતાવળ કરે જ નહીં.

આમ દાદાશ્રી સામાના સુખ ખાતર પોતાના સુખનો વિચાર પણ ના કરે. પોતે અડચણ ભોગવી લે, પણ સામાને તકલીફ ના પડવા દે.



# ઈટર્નલ ટ્રી

આ વાર્તા છે પરીઓના દેશની, જ્યાં જાદુગરો પણ રહેતા હતા.

ત્યાં એક જાદુગરણી રહેતી હતી. એનું નામ હતું વિલી. એ એક દિવસ પોતાના ગાર્ડનમાં છોડને પાણી પીવડાવી રહી હતી.

"ઓહ, આ છોડ તો સાવ સુકાઈ ગયો છે. આબરા-કા-ડાબરા..." કહી એણે એની ધારદાર આંગળીઓ છોડ પર ફેરવી અને એક બે મિનિટ રાહ જોઈ. પણ કંઈ થયું જ નહીં ! એને થયું કદાચ એ ધીમેથી બોલી હશે. એટલે ફરીથી એ થોડું જોરથી બોલી.

"સ્વર્ગની સોગન ! શું થઈ રહ્યું છે ?" એ તાડૂકી ઊઠી.

ફેરી સ્ટેલા પાંખો પટપટાવતી ત્યાં આવી પહોંચી. એ ગભરાયેલી હતી. "શું થયું વિલી આન્ટી ?"

"મારું જાદુ !! કામ નથી કરી રહ્યું..."વિલીના અવાજમાં અકળામણ હતી.

"ઓહ... એક મિનિટ, કદાચ ગોગી, ધ જીની આપણી મદદ કરી શકશે...!" એણે એની મેજિક સ્ટીક હવામાં લહેરાવી. કંઈ થયું નહીં એટલે એણે ફરી એમ કર્યું. પણ કંઈ ના થયું !

"હવે આ મેજિક સ્ટીકને શું થઈ ગયું ?" એણે એની સ્ટાર આકાર ધરાવતી લાકડીને જોતા કહ્યું.

"આઈડિયા... હું એને હમણાં જ બોલાવું છું." કહી એણે એની આંખો બંધ કરી અને ગોગીને યાદ કર્યો. થોડી જ વારમાં હવામાં બ્લુ રંગનો ધુમાડો થયો અને એમાંથી એક જીની બહાર આવ્યો.

"હેલો એવરીવન... શું વાત છે. સવાર-સવારમાં મારી જરૂર પડી ? ફ્લશ ટેંક કામ નથી કરી રહી કે ગેસ પૂરો થઈ ગયો છે ? શું આજ્ઞા છે કહો." એકી શ્વાસે એ બોલી ઊઠ્યો.

"ગોગી, સારું થયું તું આવી ગયો. વિલી આન્ટીનો જાદુ કામ નથી કરી રહ્યો."

"હમમ... જોઈએ જરા. મને તમારું હાર્ટ ચેક કરવા દો. તમારી કિડની અને તમારા ફેફસા." એણે એનો સ્ટેથોસ્કોપ કાઢ્યો.

"ખરેખર, મને પણ સવારથી મારા પાવરમાં થોડી ગડબડ અનુભવાય છે." ગોગીએ કહ્યું.

"તને પણ ?!! મારી મેજિક સ્ટીક પણ કામ નથી કરી રહી. મને થયું મને નવી સ્ટીકની જરૂર છે." સ્ટેલાએ આંખો પટપટાવતા કહ્યું.

"તો તો મને લાગે છે કે આ વસ્તુ આપણા કંટ્રોલની બહાર છે. આ સોલ્યુશન સુપર પાવર જ આપી શકશે." વિલીએ કહ્યું.





"ઓ સુપર-પાવર !!" ત્રણેવે હાથ જોડીને સુપર-પાવરને યાદ કર્યા.

તરત જ આકાશમાંથી અવાજ આવ્યો, "હા અમને ખબર છે. મેજી-કોલોજીના ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી. અને વોન-વોન ટાપુ પર ઈટર્નલ-ટ્રી સુકાઈ ગયેલું દેખાય છે. એના કારણે તમારા બધાના મેજિકલ પાવર્સ જતા રહ્યા છે. એ ટ્રીને બચાવશો તો તમને તમારા મેજિકલ પાવર્સ પાછા મળી જશે."

" વોન-વોન ટાપુ ?" ત્રણેવ એકબીજાની સામે જોવા લાગ્યા.

" એ છે ક્યાં ?" સ્ટેલાએ આંખો પટપટાવતાં પૂછ્યું.

" સ્નો-વાઈટ પર્વત પાસે વોન-વોન ટાપુ આવેલો છે. જ્યાં આ ઈટર્નલ-ટ્રી તમને મળશે. દક્ષિણ તરફ ઉડાન ભરો."

"એક મિનિટ, અમે એ ટ્રીને કેવી રીતે બચાવીએ ? કંઈક તો કહો." ગોગીએ પૂછ્યું.

"એના માટે એક હિન્ટ યાદ રાખજો, 'ઈટસ નોટ અબાઉટ યુ.' અને અચાનક અવાજ બંધ થઈ ગયો."

ત્રણેવે યાત્રા શરૂ કરી. ઘણીવાર સુધી ઉડ્યા પણ પર્વત ના દેખાયો. બધા થાક્યા હતા. સ્ટેલાએ દૂર નજર કરતા કહ્યું, "જુઓ ત્યાં એક નદી છે. ત્યાં થોડીવાર આરામ કરીએ."

ત્રણેય નદી પાસે ઉતર્યા. પાણી પીધું. થોડો આરામ કર્યા પછી ફરી બધા આગળ વધ્યા. છેવટે એમને સ્નો-વાઈટ પર્વત દેખાયો. એ જોઈને ત્રણેવ ખુશ થઈ ગયા. એની બાજુમાં એક ઓલીવ ગ્રીન સમુદ્ર હતો.

"વોન-વોન ટાપુ આ સમુદ્રની વચ્ચે હોવો જોઈએ." ગોગી બોલ્યો.

ત્યાં તો સમુદ્રની એક મોટી લહેર આવી અને ત્રણેવને એક ટાપુ પર પટક્યા.

"આપણે છીએ ક્યાં ?" ગોગીએ ઉઠતા ઉઠતા પૂછ્યું.

"સુપર-પાવરને ખબર !" વિલીએ ઢીલા મોઢે જવાબ આપ્યો.

"મને હવે બહુ ભૂખ લાગી છે." ગોગીએ એનું પેટ પકડ્યું, "એક જીનીનું જીવન પણ કેવું વિચિત્ર હોય છે. એક નાનકડા લેમ્પમાં સંકોચાઈને રહેવાનું; જે લોકો એને ઘસે, એમની ઈચ્છાઓ પૂરી કરવાની. પણ પોતાની ભૂખનો ઉપાય પોતાના જાદુથી ના કરી શકે !" ગોગીની આંખોમાં ઉદાસી હતી.

"તને શું લાગે છે, અમે અમારા જાદુનો ઉપયોગ અમારા પોતાના માટે કરી શકીએ છીએ ?" વિલી બોલી.

"ખરેખર હું પણ બીજાની ઈચ્છાઓ અને સપનાઓ પૂરા કરતા કરતા થાકી ગઈ છું. મારા પણ સપનાઓ છે. મને હવે મારા માટે જીવવું છે." સ્ટેલાએ કહ્યું.

"અરે, તમે જેમની ઈચ્છાઓ પૂરી કરી આપો છો તેઓ તમારો આભાર તો માને છે, મારું વિચારો, એક તો આવા કાળા-કૂબડા કપડા પહેરવાના; લોકોની મદદ કરવાની. અને છતાંય વાર્તાઓમાં તો હું ફક્ત મારી લુચ્ચાઈ માટે જ જાણીતી છું. હું તો રાહ જ જોઉં છું કે ક્યારે મારી શક્તિઓ પાછી મળે ને ક્યારે હું મારું જીવન બદલી નાખું." વિલી બોલી.

"પણ આપણને આપણી શક્તિઓ મળશે કેવી રીતે ? આપણને તો હજી ઈટર્નલ-ટ્રી પણ નથી મળ્યું. એ

ટ્રીને બચાવીશું ત્યારે તો શક્તિઓ પાછી મળશે !'' ગોગીએ કહ્યું.

ત્યાં તો આકાશમાં વીજળી ચમકી. ત્રણેય ડરના માર્યા એક ગુફામાં પેસી ગયા. ગુફાની વચ્ચોવચ એક મશરૂમ આકારવાળું સુકાયેલું ઝાડ દેખાયું.

''હેં... ઈન્ટર્નલ-ટ્રી મળી ગયું !!'' ત્રણેય ખુશીથી ઝૂમી ઉઠ્યા.

એમણે સમુદ્રમાંથી પાણી લઈ સુકાયેલા ઝાડને પીવડાવ્યું. પણ કંઈ ફરક ના પડ્યો.

''સ્વર્ગની સોગન ! હું ભૂલી કેવી રીતે ગઈ ?'' વિલીએ એની કમરમાં લટકાવેલું એક પાઉચ કાઢ્યું અને ઝાડના મૂળીયામાં નાખ્યું. ''આ એક સ્પેશિયલ ખાતર છે.'' પણ, ટ્રી પર ખાતરની કોઈ અસર ના થઈ. ત્રણેય નિરાશ થઈને બેસી ગયા.

ત્યાં તો એમની નજર ઝાડમાં બાંધેલા પક્ષીના માળા પર પડી. માળામાંથી એક નાનકડું માથું બહાર નીકળ્યું. એ 'ચી-ચી' કરીને પોતાની પીડા વ્યક્ત કરી રહ્યું હતું. બચ્ચું તરસ્યું હતું અને નીચે પડેલા પાંદડા ઉપરના ઝાકળના ટીપાં સુધી પહોંચવા માંગતું હતું. પણ એના પંખ ખીલ્યા નહોતા.

તરત જ ગોગી ઉઠ્યો અને બચ્ચાને ઊડવાની શક્તિ પ્રદાન કરી. બચ્ચું ફરરર દઈને ઉડ્યું અને ચપ-ચપ પાણીના ટીપાં પી ગયું. ગોગીએ ફરી જાદુ કર્યો. પાંદડાનો ગ્લાસ બનાવી, એમાં પાણી ભરી એને બચ્ચાને પીવડાવ્યું. એકાએક ઈટર્નલ-ટ્રીની ડાળખીમાંથી એક મોટો ફણગો ફૂટ્યો.

ત્રણેય અચંબામાં પડી ગયા. આ શું થયું ? ટ્રી કેવી રીતે ખીલ્યું ? શું રહસ્ય છે ?

સ્ટેલાએ થોડું વિચાર્યું અને તરત બોલી ઊઠી, ''ઓહ, હવે સમજાયું ! ગોગી તને ખ્યાલ આવ્યો, તે હમણાં શું કર્યું ?''

''શું ? બિચારા તરસ્યા બચ્ચાને મારું જાદુ વાપરીને પાણી પીવડાવ્યું.''

''એકઝેક્ટલી ! બીજાને હેલ્પ કરવા માટે મેજિકલ પાવર ચાલ્યો અને તે જ વખતે ટ્રીમાંથી ફણગો ફૂટ્યો.''

''એટલે... તું શું કહેવા માંગે છે ?'' વિલીએ પૂછ્યું.



''યાદ છે, આપણને સુપર પાવરે ટ્રીને બચાવવા માટે શું હિન્ટ આપી હતી, 'ઈટસ નોટ અબાઉટ યુ.' એટલે કે આપણો મેજિકલ પાવર આપણા માટે નથી. એ ત્યારે જ બેસ્ટ કામ આપશે જ્યારે આપણે એ દિલથી બીજા માટે વાપરીશું. આ ટ્રી તો જ જીવશે જો આપણે આપણા પાવર દિલથી બીજા માટે વાપરીશું. સમજાયું ?'' સ્ટેલા બોલી, ''પોતાના માટે વિચારવાનું શરૂ કર્યું એટલે જ આપણી શક્તિઓ

તૂટતી ગઈ અને પરિણામે આ ઈટર્નલ-ટ્રી સુકાઈ ગયું...''

''પણ એવા પાવર્સનો શું મતલબ જે પોતાને કંઈ ફાયદો ના કરે ?'' વિલીએ તીણી આંખોથી પૂછ્યું.

''એ જ તો પોતાનો ફાયદો જુએ એ શોર્ટ બુદ્ધિ કહેવાય, જે સુપર પાવરને જરાય પસંદ નથી. બચ્ચું જ્યારે પાણી પીતું હતું ત્યારે મને અંદર એક ગજબનું સુખ લાગતું હતું. આવું સુખ મેં પહેલાય ઘણીવાર ચાખેલું. પણ જેમ જેમ હું સેલ્ફીશ બનતો ગયો, એમ એ સુખનો સ્વાદ ભૂલતો ગયો. આજે ફરી એ મને યાદ આવી ગયું.'' ગોગીએ પોતાનો અનુભવ કહ્યો.

આ વાત સાંભળીને વિલીને પોતાના નાનપણનો એક પ્રસંગ યાદ આવ્યો, જ્યારે એણે પોતાની જાદુઈ શક્તિથી એક પપ્પીનો એક્સિડન્ટ થતા બચાવ્યો હતો. એ વખતે એને જે સુખ થયું હતું તે સ્ટોકમાં પડી રહેલું. પણ સમય જતા સેલ્ફીશનેસથી ઢંકાઈ ગયેલું. આજે એ વાત યાદ આવતા એને પણ ફરી એટલો જ આનંદ ઊભરાવા લાગ્યો. એ બોલી, ''યેસ, યુ આર રાઈટ ગોગી. ફક્ત પોતાના માટે જ વિચારવામાં કોઈ સુખ નથી. બીજાને હેલ્પ કરવામાં જ ખરું સુખ અને ફાયદો છે.''

''મોટા ઘરમાં રહેવાનું સુખ એ આ સુખ સામે ફીકું લાગે.'' ગોગીને એનો ચિરાગ યાદ આવ્યો.

''લોકોના સપનાઓ જ્યારે આપણે પૂરા કરી આપીએ છીએ ત્યારે એમને જે આનંદ થાય છે, એ જોઈને આપણને એમનાથી પણ વધારે આનંદ થાય છે. એવો આનંદ મેં આજ સુધી બીજી કોઈ રીતે ચાખ્યો નથી.'' સ્ટેલા બોલી.

બધાએ જોયું તો ઈટર્નલ-ટ્રી આખું ખીલી ગયું. સ્ટેલાની મેજિક સ્ટીકમાંથી પ્રકાશ બહાર આવ્યો. એ પણ હવે કામ કરવા લાગી હતી.

''આબરા કા ડાબરા.... ફ્લાઈંગ બ્રુમ (ઝાડું) અમને ઘરે લઈ જા...'' બ્રુમ વિલી પાસે આવીને ઊભું રહ્યું. વિલીના પાવર્સ પણ પાછા આવી ગયા.

એક નવી સમજણ સાથે નવી ઉડાન ભરીને ત્રણેય પોતાના ઘરે પાછા ફર્યા !





લિટલ સ્ટાર્સ
લિટલ સ્ટાર્સ અનાથાશ્રમના રૂમમાં,
મમ્મી, તું સ્ટાર કેમ બની ગઈ ? મને જરાય નથી ગમતું.
નીચે આવી જા, જમવાનો ટાઈમ થઈ ગયો છે.
જમવાના ટેબલ પર,
મને હજુ એક કપ-કેક આપશો ? મને બહુ ભાવી.
ના, બધાને એક જ મળશે.
તું મારી કપ-કેક લઈ લે. મને બહુ ના ભાવી.
થેંક-યુ, નકુલ.
અડધી રાત્રે શ્લોક ઊઠી ગયો.
યાર, આ પલંગ બહુ કડક છે.
આ મારું બ્લેન્કેટ નીચે પાથરી લે. તને સારું લાગશે.
થોડીવાર રહીને વરસાદ શરૂ થયો.
હવે તો ઠંડી લાગે છે. પણ શ્લોક કેટલો શાંતિથી સુઈ ગયો છે ! મારે એને ડિસ્ટર્બ નથી કરવો.
બાળકો, ધોધમાર વરસાદના કારણે આજે જે લોકો આવવાના હતા એ હવે કાલે આવશે.
કોણ આવવાનું હતું ?


દર રવિવારે, એક ફેમિલી આવે અને કોઈ પણ એક બાળકને પસંદ કરીને કાયમ માટે એને પોતાના ઘરે લઈ જાય.
ખરેખર ?! એટલે મને પણ એક ફેમિલી મળી શકે ?!
હા, મળી શકે.
ત્રીજા દિવસે,
અમે યશના મમ્મી-ડેડી બનવા માંગીએ છીએ.
શ્યોર ! યશ ઈસ એ વેરી ગુડ ચાઈલ્ડ.
સ્ટડી રૂમમાં,
મમ્મી, આજે હું સિલેક્ટ ના થયો.
યશને કેવી સરસ ફેમિલી મળી ! સો હેપ્પી ફોર હીમ.
નકુલ, તું દરેક વખતે બીજાની ખુશીમાં ખુશ કેવી રીતે રહી શકે છે ?
ડેડીએ છેલ્લે જે કહ્યું હતું એનાથી.
દુનિયામાં ભલા લોકો બહુ છે. જો તને ના મળે, તો તું બીજા માટે ભલો બની જજે.
એક દિવસ ગાર્ડનમાં...
શ્લોક, આ જો કેટલું ઈન્ટરેસ્ટિંગ છે !
શ્લોક પાણીનો નળ ખુલ્લો રાખીને જ નકુલ પાસે ભાગ્યો.


થોડીવાર રહીને,
આ શું ? આટલું બધું પાણી કોણે વેસ્ટ કર્યું ?
સોરી મેમ. મારાથી નળ ખુલ્લો રહી ગયો છે.
ઓહ નો ! મારાથી નળ ખુલ્લો રહી ગયો હતો ! હવે શું કરું ?
તને ખ્યાલ છે કેટલું પાણી વેસ્ટ થયું ? આજે તને ડેઝર્ટ નહીં મળે.
મેટ્રનના ગયા પછી,
તારે મને બચાવવાની શું જરૂર હતી ?
રિલેક્સ, વ્હોટ આર ફ્રેન્ડસ ફોર ?
રવિવારનો દિવસ હતો. એક ફેમિલીને શ્લોક ગમી ગયો.
કેટલો મીઠડો છે ! લેટસ ટેક હીમ હોમ.
ત્યાં તો શ્લોકે એક છોકરાને ધક્કો માર્યો,
એય, શું કરે છે ? દેખાતું નથી ?
ધક્કો જ વાગ્યો છે ને ! એમાં આટલો શું ખીજાય છે ?


દર વખતની જેમ નકુલે ફરી શ્લોકને બચાવ્યો.
રિલેક્સ યાર, સોરી ! શ્લોક નીચે જીવડાને બચાવવા ગયો એમાં તને ભૂલથી ધક્કો વાગી ગયો.
શ્લોકનો ગુસ્સો અને નકુલની સારી મેનર્સ જોઈને, ફેમિલીએ નકુલને પસંદ કર્યો.
તેં જાણી જોઈને આમ કર્યું ને ! કેમ ?
દુનિયામાં ભલા લોકો બહુ છે. મને તો એવું કંઈક મળી ગયું અને તને ?
મને પણ !
એમ કહીને નકુલ શ્લોકને ભેટી પડ્યો.

# મીઠી યાદેં ૧

એક વખત મુંબઈમાં એક બ્રહ્મચારી ભાઈને સળંગ ત્રણ દિવસ માટે પૂજ્યશ્રીની સેવામાં રહેવાનો અવસર મળ્યો. મહાત્મા બેનોએ ભાઈને જણાવ્યું કે તેઓ સવારે સાતેક વાગે ગરમ નાસ્તો આપી જશે. આઠ વાગ્યા સુધીમાં પૂજ્યશ્રી માટે ઉકાળો તૈયાર કરીને નાસ્તો પીરસવાની જવાબદારી આ બ્રહ્મચારી ભાઈને સોંપવામાં આવી હતી.

સવાર પડી. ભાઈને પૂજ્યશ્રીનું 'જય સચ્ચિદાનંદ' સંભળાયું. પૂજ્યશ્રીને 'જય સચ્ચિદાનંદ' કહેતા પહેલા ભાઈની નજર ઘડિયાળ પર પડી. જોયું તો આઠ વાગી ગયા હતા. પૂજ્યશ્રીએ ભાઈને કહ્યું, "ઉકાળો બનાવી દીધો છે. નાસ્તો પણ રેડી છે. તું બ્રશ કરીને આવી જા, એટલે આપણે જોડે નાસ્તો કરી લઈએ."

તે રાત્રે ભાઈએ નક્કી કર્યું, "આવું ના ચાલે. કાલે તો વહેલા ઊઠીને ઉકાળો તૈયાર કરી લઈશ અને ફ્રૂટ પણ સમારી દઈશ." બીજા દિવસે પણ એવું જ બન્યું. એ ભાઈથી વહેલા ના ઉઠાયું અને પૂજ્યશ્રીએ જ બધું રેડી કરી નાખ્યું.

છેલ્લો દિવસ હતો. ફરી નક્કી કરીને ભાઈ સુઈ ગયા. પણ રોજની જેમ ભાઈથી સવારે ઉઠાયું જ નહીં. પૂજ્યશ્રીએ ઉકાળો તૈયાર કર્યો, ફ્રૂટ સમાર્યું અને ગરમ નાસ્તો પીરસ્યો. આમ હતા તો બ્રહ્મચારી ભાઈ પૂજ્યશ્રીની સેવામાં, પણ બન્યું સાવ ઊંધું.

પૂજ્યશ્રીની કેવી ગજબની વિશાળતા કે સળંગ ત્રણ દિવસ સુધી એમને બધું જ કામ કર્યું પણ એક વાર પણ એ ભાઈને ટોક્યા નહીં. એ ભાઈને સહેજ પણ અડચણ કે તકલીફ ના પડે તે રીતે પોતે એડજસ્ટમેન્ટ લઈ લીધા.





# મીઠી યાદેં ૨

એક વખત લંડનમાં નીરુમા સાથે ગુરુપૂર્ણિમાનું બહુ મોટું સેલિબ્રેશન થયું. થોડા દિવસો બાદ, ઈન્ડિયા પાછા ફરીને એક ગામડામાં સત્સંગ યોજાયો. નીરુમાની સેવામાં એક આપ્તપુત્રી બહેન હતા. એમણે નીરુમાને પૂછ્યું, ''થોડા દિવસ પહેલા લંડનમાં આલીશાન બંગલોમાં ક્વીન-ની જેમ રહેતા હતા. અને અત્યારે ગામડામાં રહેવાનું આવ્યું. અહીંયા તો જમવામાં રોટલો અને દૂધ મળે છે અને ઘરમાં ટોયલેટ પણ નથી. રાત્રે ટોયલેટ જવા માટે ટોર્ચની લાઈટનો ઉપયોગ કરવો પડે છે. તો તમને કંઈ થાય નહીં નીરુમા ?''

નીરુમાએ કહ્યું, ''હું કંઈ આવું બધું જોવું છું ? હું તો મહાત્માના ભાવ જોવું છું. મને બહારની કંઈ પડી જ નથી.''

તબિયતના કારણે નીરુમાને ગળ્યું અનુકૂળ નહોતું આવતું. પણ, અમુક વખતે ગળ્યા શાક બન્યા હોય. મહાત્માઓએ પ્રેમથી બનાવ્યું હોય એટલે નીરુમા એક ચમચી ચાખી લે. ક્યારેય કોઈનું દિલ ના તોડે.

નીરુમાએ ક્યારેય પોતાના માટે વિચાર્યું જ નથી. કેમ કરીને લોકો સુખ પામે એ જ એમની ભાવના હતી. નીરુમા માટે એમની પોતાની તબિયત એ લાસ્ટ પ્રાયોરિટી હતી. જગત કલ્યાણ માટે એ બધી જ જગ્યાએ દોડતા. સત્સંગ માટે નીરુમાએ અનરિઝર્વડ ટિકિટમાં ટ્રેનમાં નીચે છાપું પાથરીને પણ ટ્રાવેલ કર્યું છે.

એક વખત નીરુમા આપ્તપુત્રો અને આપ્તપુત્રીઓને જાત્રાએ લઈ ગયા હતા. પણ ત્યાં ગયા પછી નીરુમાની તબિયત બગડી. તબિયત ખરાબ હોવા છતાંય નીરુમા બધાની સાથે બેસીને વાતો કરતા.

નીરુમા અડાલજ વહેલા રિટર્ન થઈ શકતા હતા. પણ ભાઈઓ બહેનોના આનંદ ખાતર એમની સાથે રહ્યા અને એમની સાથે જ પાછા ફર્યા.

દાદાશ્રી સાથે નીરુમા યુ.એસ.એ.ના સત્સંગ પ્રવાસે જતા, ત્યારે મહાત્માઓને નીરુમાની સાદગી ખૂબ ટચ થઈ જતી. યુ.એસ.એમાં વિશેષ વસ્તુઓ મળતી પણ નીરુમાએ ક્યારેય પોતાના માટે કશું જ માંગ્યું નથી. ઉપરથી પોતે પોતાનું મહાત્માઓને આપી દેતા હતા.

પોતાનું હળહળતું અપમાન કરનારાનું પણ નીરુમાએ ફક્ત હિત જ કર્યું છે. આમ, નીરુમાએ એક અગરબત્તીની જેમ પોતાનું સર્વસ્વ ખર્ચીને જ્યાં ગયા ત્યાં ફક્ત સુખની સુગંધ ફેલાવી છે !

# ઐતિહાસિક ગૌરવકથા

શ્રીરામનો રાજ્યાભિષેક જે દિવસે થવાનો હતો, તેની આગલી રાત્રે રાણી કૈકેયીએ મહારાજ દશરથ પાસે પોતાના પુત્ર ભરતને માટે વરદાન રૂપે અયોધ્યાનું રાજસિંહાસન માંગ્યું અને શ્રીરામ માટે ચૌદ વર્ષનો વનવાસ માંગ્યો. વર્ષો પહેલા રાણી કૈકેયીને આપેલું વરદાન મહારાજા દશરથને આ રીતે કબૂલ કરવું પડ્યું.

પણ, રાજકુમાર ભરત કોઈ હિસાબે રાજસિંહાસન સ્વીકારવા તૈયાર નહોતા. જ્યારે રાજકુમાર ભરતનો રાજ્યાભિષેક કરવા માટે અયોધ્યાવાસીઓ ભેગા થયા ત્યારે ભરતે એમને કહ્યું કે, "આ સિંહાસન પર તો મારા મોટા ભાઈ શ્રીરામ જ શોભે, ભરત નહીં."

પોતાના ભાઈને યાદ કરીને રાજકુમાર ભરતના દિલમાં ખૂબ વેદના થઈ. એમને થયું, "આજે હું રાજમહલની રાજસભામાં છું અને શ્રીરામ અને માતા સીતા ખુલ્લા પગે જંગલોમાં ખાડા-ટેકરાવાળા માર્ગ પર ચાલતા હશે. અયોધ્યાના રાજમહેલમાં રાજ પરિવાર બત્રીસ પકવાન ખાય છે, જ્યારે શ્રીરામ અને માતા સીતા કેવું ભોજન કરતા હશે ! ઘોર જંગલમાં જે કંઈ ફળ મળતા હશે, એ જ ખાતા હશે."

ભરતની આંખમાંથી આંસુ વહેવા માંડ્યા. એમણે પોતાની સમક્ષ ઊભેલા પ્રજાજનોને કહ્યું, "આવતીકાલે હું ચિત્રકૂટ જવાનો છું અને શ્રીરામને અયોધ્યાના રાજસિંહાસન પર બેસવા માટે વિનંતી કરવાનો છું. શ્રીરામ અયોધ્યામાં પાછા પધારે અને સિંહાસન પર બિરાજે, એવી મારી ભાવના સફળ થાય તેવા આશીર્વાદ માંગુ છું."

એક નગરજને પૂછ્યું, "ચૌદ વર્ષનો વનવાસ સ્વીકારનારા શ્રીરામ તમારા કહેવાથી પાછા નહીં ફરે તો ? રાણી કૈકેયીના પુત્ર હોવાના કારણે તમારી વાતનો અનાદર કરશે તો ?"

ભરત બોલી ઉઠ્યા, "નાનપણમાં હું શ્રીરામ સાથે જુદી જુદી બાળરમતો રમતો ત્યારે એમણે ક્યારેય મને નારાજ કર્યો નથી. મને હંમેશા જીતવા દીધો છે. તેઓ સદાય મને રાજી રાખતા. મારા પ્રત્યે અતિશય પ્રેમ રાખ્યો છે. આ પ્રેમના દોરે હું શ્રીરામને અયોધ્યામાં પાછા લાવી શકીશ. આ રાજ્ય શ્રીરામનું છે મારું નથી. હું તો એમનો સેવક છું. મને આવી કોઈ સંપત્તિ કે રાજસિંહાસનની જરૂર નથી."

પ્રજાએ આનંદિત થઈને કહ્યું, "હે ભરત, તમને રાજ્ય પ્રાપ્ત થયું હોવા છતાં તેના લોભમાં આવવાને બદલે તમે તમારા મોટાભાઈને રાજ્ય આપવા ઈચ્છો છો, તે જ તમારા હૃદયની વિશાળતા દેખાડે છે."

રાજકુમાર ભરત સાથે પ્રજાજનો પણ શ્રીરામના દર્શન કરવા ચિત્રકૂટ જવા તૈયાર થઈ ગયા.

સાથે સાથે માતા કૌશલ્યા, માતા સુમિત્રા અને પશ્ચાતાપ અનુભવતા માતા કૈકેયી પણ રથમાં બેસીને રામ મિલન માટે જવા નીકળ્યા. માતા કૈકેયીને પોતાના આચરણ માટે પારાવાર પશ્ચાતાપ હતો. જે ભરત માટે એમને આ કાર્ય કર્યું હતું, એ કાર્યથી ભરત પોતે અત્યંત દુઃખી થઈ ગયા હતા. માતા કૈકેયીને સમજાયું કે એમનાથી બહુ મોટો અનર્થ સર્જાઈ ગયો હતો !

માતા કૌશલ્યા શ્રીરામ પ્રત્યે કૈકેયીનો સ્નેહ જાણતા હતા. અને તેથી જ તેઓ કૈકેયીના પશ્ચાતાપને પણ સમજી શક્યા. જ્યારે ત્રણ રાણીઓને એક સાથે રથમાં જોયા ત્યારે નગરવાસીઓને વિચાર આવ્યો, "હૃદયની વિશાળતા ભાંગેલા હૈયાઓને પણ સાંધી શકે છે. સામાન્ય જીવ નાની નાની બાબતમાં પણ એકબીજા પ્રત્યે ગુસ્સો અને આક્રોશ રાખે છે, જ્યારે આ રઘુવંશની રાણીઓનું હૃદય કેવું વિશાળ છે કે પોતાના પુત્રને આવી ભયંકર પરિસ્થિતિમાં મૂકનાર પ્રત્યે જરા પણ વેરભાવ નહીં. ઊલટું એ જ પ્રેમ અને સ્નેહ સાથે રહે છે."

અને આમ, શ્રીરામ દર્શન માટે આતુર રાજ પરિવાર અને પ્રજાજનોએ ચિત્રકૂટ તરફ પ્રયાણ કર્યું.




AALOO CHILLY
આ ચીલી ચોકલેટ કેક હું છુપાવી દઉં. નહીં તો ચીલી બધી ખાઈ જશે !
આલુ, જો હું આજે શું લાવ્યો છું ?
???
બબલ બાથ, તને સ્વિમિંગ ગમે છે ને ? તો તારા માટે ! આનાથી તળાવમાં બબલ્સ થશે !
વાઉ !!
ચીલી એ પોતાનું બબલ બાથ મને આપી દીધું, અને મેં... ?
હું પણ તારા માટે ચીલી ચોકલેટ કેક લાવ્યો છું !
યમ્....મી ! !

# ચાલો રમીએ...

**1.** પીક્ચરમાંથી શાકભાજી શોધી તેના નામ નીચે આપેલા કોષ્ઠકમાં શોધો.

Cucumber, Carrot, Cabbage, Strawberry, Cherry, Onion, Corn, Apple, Beet, Potato, Banana

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Z | E | C | C | A | R | R | O | T | H | O |
| U | I | O | N | R | C | B | R | Y | U | N |
| C | R | U | B | R | B | E | E | L | E | I |
| N | H | I | N | I | T | E | B | K | E | O |
| P | E | P | B | T | D | T | M | A | P | N |
| O | O | P | K | C | U | C | U | N | A | B |
| T | A | T | O | G | A | B | C | I | T | A |
| C | H | I | A | E | S | E | U | B | I | G |
| E | G | A | B | T | A | C | C | A | S | O |
| C | B | E | P | K | O | H | L | R | O | N |
| A | B | B | A | C | A | B | B | A | G | E |

**2.** આપેલા ચિત્રમાંથી ૮ તફાવત શોધો.







Akram Express

September 2022
Year : 15, Issue : 1
Conti. Issue No.: 169

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# અડાલજ ત્રિમંદીર ખાતે પૂજ્યશ્રીની હાજરીમાં ઉજવાયેલ જન્માષ્ટમીની ઝલક...





મટકી ફોડ





કલ્ચરલ શો





પપેટ શો





## Answers of Puzzle 1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Z | E | C | C | A | R | R | O | T | H | O |
| U | I | O | N | R | C | B | R | Y | U | N |
| C | R | U | B | R | B | E | E | L | E | I |
| N | H | I | N | I | T | E | B | K | E | O |
| P | E | P | B | T | D | T | M | A | P | N |
| O | O | P | K | C | U | C | U | N | A | B |
| T | A | T | O | G | A | B | C | I | T | A |
| C | H | I | A | E | S | E | U | B | I | G |
| E | G | A | B | T | A | C | C | A | S | O |
| C | B | E | P | K | O | H | L | R | O | N |
| A | B | B | A | C | A | B | B | A | G | E |

## Answers of Puzzle 2



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.